**<u>સી.સી. નં : ૧૨૭૨/૨૦૧૬</u>**

**:: <u>આંક–૧ લગત હુકમ</u> ::**

(૧) સદર કામે રેકર્ડની હકીકતો મુજબ ફરીયાદીએ તા. ૧૧/૦૫/૧૬ ના રોજ બે આરોપીઓ વિરૂધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ દાખલ કરેલ. જે લગત આરોપીઓને સમન્સ કરતા આરોપી નં.૧ ને સમન્સ બજતા હાજર થયેલ અને આરોપી નં.ર નાઓને સમન્સ બજવણી અંગેનુ રેકર્ડ પર જણાતુ નથી. આમ, આ કામે આરોપી નં.૨ પ્રથમથી જ હાજર થયેલ નથી. આ કામે આરોપીઓની પ્લી પણ રેકર્ડ થયેલ નથી. સદર કામે આરોપી નં.૧ નુ વોરંટ સરનામાના અભાવે પરત ફરતા હાલના કામે ફરીયાદીને નોટીસ કરતા ફરીયાદીએ તા. ૧૯/૦૨/૨૪ ના રોજ આંક–૧૮ થી નિયમિત રીતે હાજર રહી કામ આગળ ચલાવવા પુરસીસ આપેલ. ત્યારબાદ પણ આરોપીઓને વારંવાર યાદી સાથે વોરંટ ઈસ્યુ કરવામા આવેલ પરંતુ ફરીયાદી સતત ગેરહાજર રહેતા આવેલાનુ રેકર્ડ પરથી જણાય છે. ત્યારબાદ આરોપીઓને કાઢેલ વોરંટ જણાવેલ સરનામે રહેતા નથી ના શેરા સાથે પરત ફરતા ફરીયાદીને ફરી નોટીસ કાઢવા હુકમ થયેલ જે નોટીસ ફરીયાદીને બજી ગયેલ જે આંક–૨૪ થી રજુ છે. પરંતુ ફરીયાદી મુ.તા ૦૪/૦૮/૨૫ ના રોજ હાજર રહેલ નહી કે કેસની કાર્યવાહી આગળ ચાલે તેવા કોઈ પ્રયત્ન કરેલા નહી. ત્યારબાદ મુ.તા ૨૮/૦૮/૨૫, ૦૪/૦૯/૨૫, ૨૫/૦૯/૨૫, ૦૯/૧૦/૨૫, ૨૫/૧૧/૨૫ સુધી ફરીયાદી

કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી. ત્યારબાદ મુ.તા ૧૫/૧૨/૨૫ તથા તા. ૨૦/૧૨/૨૫ તથા તા. ૨૯/૧૨/૨૫ ના રોજ ફરીયાદીના વકીલશ્રી હાજર રહેલ. પરંતુ આરોપીઓનુ નવુ કોઈ સરનામુ રજુ કરેલ નહી કે ફરીયાદીને પણ હાજર રખાવેલ નહી. તેમ છતા તા. ૦૩/૦૧/૨૬ ના રોજ ફરીયાદીના વિ.વ.શ્રી તરફે આરોપીઓને અરજીમા જણાવેલ સરનામે જ વોરંટ કાઢી તેનો હાથ બીડો આપવાની અરજી આપતા તે મંજુર કરવામા આવેલ. પરંતુ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી મુ.તા ૦૩/૦૧/૨૬, ૧૭/૦૧/૨૬ તથા ૩૧/૦૧/૨૬ ના રોજ હાજર રહેલ નહી કે હાથ બીડો પણ લઈ ગયેલ નહી. ત્યારબાદ મુ.તા ૨૧/૦૨/૨૬ ના રોજ પણ ફરીયાદી કે વ.શ્રી હાજર ના હોય ફરીયાદીને રૂા. ૧૦,૦૦૦/- કોસ્ટ કરતો હુકમ પણ કરવામા આવેલ પરંતુ ફરીયાદી તા. ૨૧/૦૨/૨૬ કે તા. ૧૬/૦૩/૨૬ ની મુદત તારીખોએ હાજર રહેલ નહી. આજરોજ પણ ફરીયાદી કે ફરીયાદીના વ.શ્રી હાજર નથી.

(૨) આમ, સમગ્રપણે જણાય છે કે, ફરીયાદીને હાલનો કેસ ચલાવવામા કોઈ જ રસ નથી. પ્રથમથી જ ફરીયાદીની અનિયમિત હાજરીના કારણે બંને આરોપીઓ હાજર રહેલ નથી તેમજ પ્લી પણ થઈ શકેલ નથી. હાલનો કેસ દસ વર્ષ કરતા પણ જુનો કેસ છે આવા સંજોગોમાં ફરીયાદીને વધુ તક આપવી ઉચીત જણાતી નથી. આમ, હાલની ફરીયાદમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**-: હુકમ:-**

(૧) ફરીયાદીની ફરીયાદ તેઓની સતત ગેરહાજરીના કારણે કેસની કાર્યવાહી આગળ ચાલી શકતી ન હોવાના કારણે કાઢી નાખી ફેંસલ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૩૦/૦૩/૨૦૨૬<br>સ્થળ: ઝઘડીયા. | **(ઈ.આર.ક્ષત્રિય)**<br>એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,<br>ઝઘડીયા.જી.ભરૂચ.<br>**યુનીક જજ કોડ – જી.જે.૦૧૧૯૭** |